`

| Date: February 6, 2017 | Publication: Divya Bhaskar |
|---|---|
| Page No.: 14 | Edition: Ahmedabad, Bhavnagar, Bhuj, Mumbai, Rajkot, Surat, Vadodara |

**ફરબદલા** | હેલ્થ વીમા કંપનીની પોલિસી માટે એક વીમા કંપનીની સેવા બંધ કરીને બીજી વીમા કંપનીની સેવા લઇ શકો છો

# તમારા લાભ ગુમાવ્યા વિના તમારી વીમા પોલિસી પોર્ટ કરાવો

જે મ તમે વીજળીના પુરવઠામાં વિક્ષેપ અનુભવ્યાં વિના એક વીજ વિતરક કંપનીમાંથી બીજી વીજ વિતરક કંપનીના ગ્રાહક બની શકો છો, જેમ તમે તમારો મોબાઈલ નંબર ગુમાવ્યાં વિના એક મોબાઈલ ઓપરેટરમાંથી બીજા મોબાઈલ ઓપરેટર તરફ વળી શકો છો, તેમ તમે હવે તમારી હેલ્થ વીમા પોલિસી માટે એક વીમાકંપનીની સેવા બંદ કરીને બીજી વીમાકંપનીની સેવા લઈ શકો છો અને તેમાં તમે તમારો એક પણ સંચિત લાભ ગુમાવશો નહીં.

બીજી શબ્દોમાં કહીએ તો, જો તમે તમારી વીમાકંપની દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓથી રાજી નથી, તો તમે તમારી પોલિસી તમારી પસંદગીની બીજી વીમાકંપનીમાં પોર્ટ કરી શકો છો. ભારતીય વીમા નિયમનકાર અને વિકાસ સત્તામંડળ (ઈરડા)એ તમને આ અધિકાર આપ્યો છે.

હેલ્થ વીમા પોર્ટેબિલિટી તમે એક પ્લાનમાંથી બીજા પ્લાનમાં કે એક વીમાકંપનીમાંથી બીજી વીમાકંપનીમાં સ્વિચ થાવ છો કે નહીં તેને ધ્યાનમાં લીધા વિના સંરક્ષણ પૂરું પાડે છે. આ બંને કેસમાં તમને વેઈટિંગ પીરિયડ દરમિયાન અગાઉથી અસ્તિત્વ ધરાવતા રોગો માટે કવચ મળે છે. હકીકતમાં તમે તમારી પોલિસી કોઈ પણ જનરલ વીમા કંપનીમાંથી બીજી જનરલ વીમાકંપનીમાં કે સ્પેશ્યલાઈઝ હેલ્થ વીમા કંપનીમાં પોર્ટ પણ કરાવી શકો છો. એટલે અન્ય વીમાકંપનીમાં તમારી પોલિસી પોર્ટ કરાવવા માટે જવાબદાર કારણો કયા હોય છે? પોર્ટેબિલિટી માટે સૌથી સામાન્ય કારણો પર્યાપ્ત વીમાકવચ, ગ્રાહકની નબળી સેવાનો અનુભવ, વર્તમાન પ્લાન પર ઊંચું પ્રીમિયમ અને દાવાની પતાવટનો નબળો રેશિયો હોય છે. કોઈ નવી પોલિસી ખરીદવા કરતાં તમારી મૂળ પોલિસી પોર્ટ કરવા માટે બે મુખ્ય કારણો છેઃ એક, તમે તમારી વર્તમાન પોલિસી હેઠળ કોઈ નો-ક્લેઈમ બોનસ ગુમાવતા નથી, અને બે, તમને નવા પ્લાનમાં તમારા વેઈટિંગ પીરિયડને આગળ વધારવામાં આવે છે.

**ઈન્સ્યોરન્સ ગાઈડ**
**ડૉ.જયદીપ દેવારે**



• **જોકે જ્યારે તમે પોલિસી પોર્ટ કરાવો, ત્યારે નીચેના સારી-નરસી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએઃ**

જ્યારે તમે વ્યક્તિગત અને ફેમિલી પોલિસીઓ પોર્ટ કરાવી શકો છો, ત્યારે તમે એક વ્યક્તિગત પ્લાનમાંથી અન્ય વ્યક્તિગત પ્લાનમાં તથા એક ફેમિલી ફ્લોટર પોલિસીમાંથી બીજી ફેમિલી ફ્લોટર પોલિસીમાં જ પોર્ટ કરાવી શકો છો. તમે એક કેટેગરીમાંથી બીજી કેટેગરીમાં હેલ્થ પ્લાન પોર્ટ ન કરાવી શકો. નવી વીમાકંપની તમારી જૂની પોલિસીમાંથી અગાઉ અસ્તિત્વ ધરાવતી બિમારો માટે વેઈટિંગ પીરિયડ સાથે સંબંધિત ક્રેડિટ આપવા બંધાયેલ છે.

વીમાકંપની કંપનીની નાણાકીય અને મેડિકલ અંડરરાઈટિંગ પોલિસીઓને આધારે પોર્ટેબિલિટીની અરજીનો સ્વીકાર કરવાનો કે અસ્વીકાર કરવાનો અધિકાર ધરાવે છે. જેમ તમારી ઉંમર વધશે, તેમ પોલિસી પોર્ટ કરવામાં મુશ્કેલી પડશે, કારણ કે વર્તમાન વીમાકવચ સાથે પોર્ટિંગ માટે મેડિકલ અંડરરાઈટિંગ અને પોલિસી પૂર્વે આરોગ્યની ચકાસણી જરૂરી છે.

• **તો તમે કેવી રીતે હેલ્થ પ્લાન કેવી રીતે પોર્ટ કરાવશો? અહીં ત્રણ સરળ પગલાં છેઃ**

તમે તમારી વર્તમાન પોલિસી રિન્યૂ કરાવતી વખતે જ પોર્ટ કરાવી શકો છો, જેનો અર્થ એ થયો કે વીમાનો તમારો નવો ગાળો નવી વીમાકંપની સાથે શરૂ થશે. તમારી જૂની અને નવી એમ બંને વીમાકંપનીઓને રિન્યૂઅલની તારીખના ઓછામાં ઓછા 45 દિવસ અગાઉ પોર્ટિંગ વિશે જાણકારી આપવી પડશે. પોર્ટિંગ માટે એપ્લિકેશન ફોર્મ તમે ઈચ્છો એ પ્લાનની અરજીનું ફોર્મ નવી વીમાકંપની પાસેથી કલેક્ટ કરવું પડશે. બંને ફોર્મ ભરવા પડશે તથા નવી પોલિસી માટે પ્રીમિયમ અને જરૂરી દસ્તાવેજો સાથે ભરવા પડશે.

અંતે પોર્ટેબિલિટીનો સૌથી મોટો લાભ એ છે કે તમારી હેલ્થ વીમા પોલિસી અને તમારો મેડિકલ ખર્ચ તમારા નિયંત્રણમાં હોય છે તથા તમારે તમારાં જૂનાં પ્લાનમાં સંચિત લાભો ગુમાવતાં નથી. જોકે કોઈ બે વીમા યોજનાઓ એકસરખી હોતી નથી, જેમાં તમે પેટામર્યાદાઓ, વીમાકવચ, પ્રીમિયમ, વેઈટિંગ પીરિયડ અને સહચુકવણીની જોગવાઈ જેવા મુખ્ય પાસાંનો વિચાર કરી શકો છો. એટલે પોર્ટિંગ અગાઉ તમે બમણી ખાતરી કરવી જોઈએ કે બંને નવી પોલિસી અને વીમાકંપની તમારી હેલ્થ વીમાકંપનીની જરૂરિયાતો પૂર્ણ કરે.

(લેખકઃ મેનેજિંગ ડિરેક્ટર, મહિન્દ્રા ઈન્સ્યોરન્સ બ્રોકર્સ લિમિટેડ છે)